# આનંદો : શહેરને વધુ ૪ એમએલડી પાણી અપાશે

## શહેરને અપાતા પાણીના પુરવઠામાં ૪ એમ.એલ.ડી. જથ્થો વધુ આપવા બોર્ડની સંમતિ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં નર્મદામાંથી અપાતા પાણીના પુરવઠામાં ૪ એમ.એલ.ડી.નો વધારો આજથી કરવામાં આવશે. આ વધારાનો જથ્થો મળતાં પાણીની સમસ્યા હળવી બનશે.

ગાંધીનગર શહેમરાં પાણીનો પુરવઠો ઓછો મળી રહ્યાની વાતો બહાર આવ્યા પછી આજે મનપામાં પાણી પુરવઠા બોર્ડ, માર્ગ-મકાન વિભાગ તેમજ મનપાની ત્રિપક્ષી બેઠક યોજાઈ હતી.

ગાંધીનગરમાં પાણીના સપ્લાય માટે મુકાયેલ પંપોની દુરસ્તી પણ કરી દેવામાં આવી છે અને તે હવે પુરા ફોર્સથી પમ્પીંગ સાથે પુરવઠો પુરો પાડશે. ગાંધીનગર શહેરમાં ૩૨ એમ.એલ.ડી. પાણી આપવામાં આવતુ હતુ જયારે ૧૨ એમ.એલ.ડી. પાણી શહેરના વિવિધ બોરમાંથી ખેંચી અને શહેરને ૪૫ એમ.એલ.ડી. પાણીનું વિતરણ કરવામાં આવે છે.

હવે ઉનાળાની મોસમને ધ્યાને રાખી વધુ ૪ એમ.એલ.ડી. પાણી આપવાની માંગણીને પણ પાણી પુરવઠા બોર્ડ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી છે. એટલે હવે ૩૬ એમ.એલ.ડી. નર્મદાનું અને ૧૨ એમ.એલ.ડી. પાણી વિવિધ બોરનું મિકસ કરીને ૪૮ એમ.એલ.ડી. જથ્થાનું વિતરણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પાણીનો વેડફાટ થતો અટકાવવા માટે પણ તંત્રને કડક અભિગમ દાખવવાની સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં પીવાના પાણીની સમસ્યા છેલ્લા ૧૫ દિવસથી શરૂ થઈ છે. પાણી પુરા ફોર્સથી નહિ મળતુ હોવાનું તેમજ ક્લોરીનેશન પણ પુરતા પ્રમાણમાં નહિ થતુ હોવા ઉપરાંત નિયત સમય મર્યાદા કરતાં ઓછો સમય પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠી હતી.

મળતી વિગતો મુજબ આજની બેઠકમાં શહેર માટે પાણી પુરવઠો, વિતરણ વ્યવસ્થા સહિતના મુદ્દાઓને લઈ સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં શહેરમાં થતા પાણીના વેડફાટને અટકાવવા માટે આકરા પગલાં લેવાશે તેવા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે.



સુમસામ બસ સ્ટેન્ડ - ઉનાળામાં ગરમીનો પારો વધતાની સાથે જ મુસાફરોનો ધસારો ઘટતો જાય છે... ગાંધીનગર એસ.ટી. ડેપો જે હંમેશા ૨૪ કલાક ધમધમતું રહે છે... જે આજકાલ બપોરના સમયે સુમસામ ભાસે છે... સવાર-સાંજ અવરજવર વધે છે પરંતુ બપોરે ૧૨ થી ૪ દરમિયાન એસ.ટી. ડેપોમાં ચકલુય ફરતું ન હોય એવું વાતાવરણ સર્જાય છે....

# આગામી ટેટ-૨ની પરીક્ષાને અનુલક્ષી બે ઝોનમાં બેઠક વ્યવસ્થા

## ૨૯૬૧૮ પરીક્ષાર્થીઓ મોબાઇલ સહિતના ઉપકરણો લઇ જવા પ્રતિબંધ કાર્યવાહી થશે

જિલ્લામાં પણ ટેટ ૨ની પરીક્ષા માટે ૨૯,૬૧૮ ઉમેદવાર નોંધણી થઈ છે આગામી તારીખ ૨૩મીએ આ પરીક્ષા લેવાશે આ પરીક્ષામાં ગેરરીતિને અવકાશ ના રહે તેના માટે તમામ ૯૯ પરીક્ષા કેન્દ્ર પર વર્ગ ૧અને ૨ ના અધિકારીઓને ઓબ્ઝર્વરની જવાબદારી સોંપવામાં આવી છે જયારે પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ સહિતના ઈલેકટ્રોનિક ઉપકરણ લઈ જવા મનાઈ છે આ નિયમ નું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે

ધોરણ ૬થી ૮માં માટે શિક્ષકની ઘટ પુરવાની દિશામાં પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શિક્ષકો ની ભરતી માટે ફરજીયાત ટેટ ૨ પરીક્ષા સંબંધે શિક્ષણ તંત્રના અધિકારી સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ પરીક્ષાના આયોજનને અનુલક્ષી ગાંધીનગર જિલ્લાના બે ઝોન નિયત કરવામાં આવ્યા છે . જેમાં ઝોન ૧માં ૫૬ કેન્દ્ર નિયત કરવામાં આવ્યા છે અને ઝોન ૨માં ૪૩ કેન્દ્ર નિયત કરાયા છે જયારે આ કેન્દ્રો ગાંધીનગર, કલોલ, દહેગામ અને માણસા શહેરમાં નિયત કરાયા છે જયારે કેન્દ્રમાં સીસી ટીવી ની ખરાઈ કરવાનું અને યોગ્યતા ચકાસવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે આગામી

● અનુસંધાન પાન-૭ પર

### ટેટ-ટુની પરીક્ષા માટે જિલ્લામાં ૨૯,૬૧૮ પરીક્ષાર્થીઓ

ગાંધીનગર, તા. ૨૦

૨૩મી એપ્રિલે યોજાનાર ટેટ-ટુ ની પરીક્ષા માટે જિલ્લામાં ૨૯,૬૧૮ પરીક્ષાર્થીઓ નોંધાયા છે. તંત્ર દ્વારા આ પરીક્ષાની તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા યોજાનાર આ પરીક્ષા માટે જિલ્લામાં ૯૯ કેન્દ્રો ઉભો કરવામાં આવ્યા છે. પરીક્ષાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા માટે જિલ્લાની સ્કૂલો કોલેજોની પસંદગી વધુ કરવામાં આવી છે. ૩૦૦ થી ૪૫૦ પરીક્ષાર્થીઓ કેન્દ્રવાર ફાળવવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. દરેક કેન્દ્ર પર ૧૦-૧૦ બ્લોક રાખવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ આ પરીક્ષાના દરેક કેન્દ્ર પર જિલ્લાના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને ફરજ સોંપવામાં આવી છે. આ માટેના રૂટ પણ નિયત કરી દેવામાં આવ્યા છે. કલેક્ટર કચેરી દ્વારા આ પરીક્ષાને લઈ ૧૪૪નું જાહેરનામુ પણ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે.

જિલ્લામાં હાલ શાળાકીય પરીક્ષાઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાનો માહોલ જામ્યો છે. ૩ થી ૫ દરમ્યાન આ પરીક્ષા યોજાશે.

આ પરીક્ષાનુ સીસીટીવીથી પણ મોનીટરીંગ કરવામાં આવશે. આ ઉપરાંત આ પરીક્ષાને લઈ કેન્દ્રો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે. વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓને કેન્દ્રોની જવાબદારી સોંપી નજર રાખવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૧૧ કેસ

## શહેરમાં કોરોનાના નવા ૮ કેસ : ગ્રામ્યમાં નવા ૩ કેસ : સે. ૨૯માં વૃદ્ધ દંપત્તિ સપડાયુ : રાંદેસણમાં બે કેસ તેમજ સે. ૨૩, સે. ૭, સે. ૨૮, ખોરજમાંથી કેસ મળ્યા : ગાંધીનગર-કલોલ-માણસામાંથી એક-એક કેસ : ગ્રામ્યમાં આજે ત્રણેય મહિલા દર્દી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે નવા ૮ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવા ૩ કેસ નોંધાયા છે. શહેર જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લામાં રિકવરી રેટમાં સતત સુધારો થઈ રહ્યો હોવાથી તંત્રએ રાહત અનુભવી છે. કોરોનાનો પોઝીટીવીટી રેટ બે ટકાની આસપાસ નોંધાઈ રહ્યો છે.

શહેર-જિલ્લામાં કોરોનાએ જે ગતિ પકડી છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦એ પહોંચી છે તો શહેરમાં આ સંખ્યા ૧૮૧ને પાર થઈ છે. આમ ૧લી જાન્યુઆરીથી શરૂ થયેલા કોરોનાના કેસોની સંખ્યા ૪૦૦ પર પહોંચવા આવી છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે પરિવારો કોરોનાની ઝપટે ચડી રહ્યા છે તેથી તંત્ર પણ ચોંક્યુ છે. અત્યાર સુધીમાં ૮ થી વધુ પરિવારો કોરોનાની ઝપટમાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૮ નવા કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસોમાં સે. ૨૯નું એક વૃદ્ધ દંપત્તિ પણ છે. શહેરમાં આજે નોંધાયેલાં કેસોમાં પાંચ કેસ સેકટરોના છે જયારે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૩ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં એક યુવાન હૈદ્રાબાદ જઈ પરત ફર્યાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર ખોરજમાંથી ૩૦ વર્ષીય યુવાનનો, રાંદેસણમાં ૨૭ વર્ષીય યુવાનનો તથા રાંદેસણમાંથી જ ૪૧ વર્ષીય પુરૂષનો કેસ પોઝીટીવ આવ્યો છે. રાંદેસણમાં કેસો સતત વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

સે. ૨૯માં એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપટમાં આવ્યુ છે. ૮૫ વર્ષીય વૃદ્ધ ૭૯ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૩માંથી ૨૮ વર્ષીય મહિલા, સે. ૭માંથી ૨૯ વર્ષીય પુરૂષ અને સે. ૮ માંથી ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલ કેસ સાથે શહેરમાં ૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે. ત્રણેય મહિલા દર્દી નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી પ્રસરેલી છે.

જિલ્લાના ગાંધીનગર, કલોલ અને માણસામાંથી આજે એક-એક કેસ નોંધાયેલ છે. ગાંધીનગરના ઉનાવા ગામેથી, કલોલના પાનસરમાંથી અને માણસાના પુંધરા ગામેથી કેસો મળી આવેલ છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૦૦થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૩ કેસ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦ પર પહોંચી છે.

ગ્રામ્ય વિસ્તારમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા જણાવ્યુ છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા કહ્યુ છે.

જયારે ૨૦મી એપ્રિલે રાજ્યમાં કોરોના વાયરસના નવા ૩૩૧ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૧૩૦ કેસ નોંધાયા છે. જ્યારે ૩૮૦ દર્દીઓને રજા આપવામાં આવી છે.

મહત્ત્વનું છે કે, છેલ્લા પાંચ દિવસમાં કોરોના વાયરસના કારણે ૬ દર્દીના મોત નીપજ્યા હતા. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૩૩૧ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૩૮૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૨૦૪૨ એક્ટિવ કેસ છે. આ ઉપરાંત ૦૬ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે.આ ઉપરાંત ૨૦૩૬ દર્દીની તબિયત સ્થિર છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧૦૭૨ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

# રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી વિકાસના કામોમાં ધીમી ગતિથી નારાજગી

## અસરકારક મોનીટરીંગ સાથે ઝડપથી કામો પુરા કરવા માંગ : ૨૯ કામો મંજૂરીમાં અટવાયાની વાતો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાથ ધરાયેલ માળખાકીય કામોની ધીમી ગતિ તેમજ ૨૯ જેટલા કામો હજુ તાંત્રિક અને વહીવટીય મંજૂરીમાં અટવાતા સભ્યોમાં રોષની લાગણી જન્મી છે. આ કામોના અસરકારક મોનીટરીંગ સાથે ઝડપથી પુરા કરવામાં આવે તેમ પણ સભ્યો ઈચ્છી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે વર્ષ-૨૦૨૧-૨૨ અને વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૬૪૧ કામો રજુ થયા હતા. આ પૈકી ૨૦૫ કામ આજે પણ પ્રગતિ હેઠળ છે. જ્યારે ૨૯ કામો હજુ મંજૂરીની પ્રક્રિયામાં અટવાયેલા છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ૧૫૯ કામો સૂચવવામાં આવ્યા હતા. ૨૦૨૧-૨૨માં સૂચવાયેલા કામો પૈકી ૩૫ કામ પ્રગતિ હેઠળ છે, જ્યારે ૨૦૨૨-૨૩માં સૂચવાયેલા કામોમાંથી ૩૯ કામો પ્રગતિ હેઠળ છે.

દહેગામમાં ૨૦૨૧-૨૨ના વર્ષના ૩૪ કામ હજુ પ્રગતિ હેઠળ છે તેમજ ૨૦૨૨-૨૩ના ૪૦ કામ પ્રગતિ હેઠળ છે.

ગાંધીનગર તાલુકામાં ૨૦૨૧-૨૨ના ૭ કામ પ્રગતિ હેઠળ છે તો વર્ષ-૨૦૨૨-૨૩ના વર્ષના ૨૫ કામ પ્રગતિ હેઠળ છે.

કલોલ તાલુકામાં ૨૦૨૧-૨૨ના ૧૮ કામ અને ૨૦૨૨-૨૩ના ૬ કામ હાલ પ્રગતિ હેઠળ છે.

આ બે વર્ષ દરમ્યાન માણસામાં ૧૫૯ કામ, દહેગામમાં ૧૬૫ કામ, ગાંધીનગરમાં ૧૫૭ કામ અને કલોલમાં ૧૧૫ કામ સૂચવવામાં આવ્યા હતા.

વિકાસના એમાંય ખાસ કરીને માળખાકીય કામોના અમલીકરણમાં ચાલી રહેલી ધીમી ગતિને કારણે સભ્યોમાં અસંતોષની લાગણી ઉભી થવા પામી છે. જો કે તાજેતરમાં મળેલી સમીક્ષા બેઠકમાં કામોને ઝડપથી પુરા કરવા માટે તેમજ તે અંગે અસરકારક મોનીટરીંગ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

### આજથી કલ્ચરલ ફોરમ આયોજિત નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનો શુભારંભ

**સાંજે ૬ કલાકે સે. ૮ સ્પોર્ટસ ગ્રાઉન્ડમાં ટૂર્નામેન્ટનો શુભારંભ : રામ-૧૧ (વાવોલ), કષ્ટભંજન ઈલેવન, GDCC-1, Khada-2 ટીમ મેદાને ઉતરશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનો રોમાંચક મુકાબલો આજથી આરંભાશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત 'એકાર્થ જીસીએફ નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ' આજે સાંજે ૬ કલાકે, સેક્ટર-૮ના સ્પોર્ટસ એકેડેમીના ગ્રાઉન્ડમાં આરંભાશે. ૧૮ દિવસ ચાલનારી આ ટૂર્નામેન્ટમાં શહેરની ૪૬ ટીમોએ ભાગ લીધો છે. જેમાં દરરોજની ત્રણ ટીમની મેચ સાંજે ૬ વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા દરમ્યાન યોજાશે. જે પૈકી પ્રથમ દિવસે રમનાર ટીમમાં રામ-11 (વાવોલ), કષ્ટભંજન ઈલેવન, જીડીસીસી-1, Khada-2 આ ટીમો મેદાને ઉતરશે.

આ ટૂર્નામેન્ટનો શુભારંભ સાંજે ૬ કલાકે ગાંધીનગર મનપાના મેયર હિતેશભાઈ મકવાણા અને ધારાસભ્ય રીટાબેન પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવશે. આ રોમાચંક રમતને નિહાળવા મોટી સંખ્યામાં પ્રેક્ષકો માટે બેસવાની વ્યવસ્થા કરાઈ છે.

# ગુડાએ આવક માટે હવે પ્લોટના વેચાણ તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું

## અધિકારીઓની બદલી ના લીધે વહીવટ પર વિપરિત અસર પ્લોટની હરાજી પ્રક્રિયા પણ લાંબા સમયથી વિલંબમાં પડી છે

ગત મહિના દરમિયાન ગુડા નું બજેટ રજુ કરાયું હતું અંદાજિત રૂ ૬૦૦ કરોડ જેટલા ખર્ચનું બજેટ રજુ કરાયું હતું જયારે આ બજેટમાં રૂપિયા ૩૦૦ કરોડની રકમ પ્લોટના વેચાણથી ઉભી કરવાનું પણ સમાવિષ્ટ છે આવા સંજોગોમાં ગુડા ની યોજનાઓ અટવાઈ ના જાય તે માટે જંત્રી કરતાં પણ ઉંચુ વેલ્યુએશન ધરાવતા આઠ પ્લોટની હરાજી કરવાનું ફરજીયાત હોવાના સંજોગોમાં ગુડા ના તંત્ર દ્વારા આ દિશામાં ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે

ટી પી સ્કીમની રચના અન્વયે કપાતની જમીનમાં ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા ઝોનના આધારે વાણિજ્ય હેતુ અને રહેણાંક હેતુના જુદા જુદા ક્ષેત્રફળ ધરાવતા પ્લોટ ઉપલબ્ધ થયા છે જયારે આ મુજબ ૧૨ પ્લોટનું વેચાણ કરવા માટે તંત્ર દ્વારા રાજ્ય સરકારની વેલ્યુએશન કમિટી સમક્ષ દરખાસ્ત મુકીને તેની કિંમતો પણ નક્કી કરવામાં આવી છે ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ હેઠળના ૧૮ ગામ અને નગરપાલિકા સહિતના વિસ્તારને હદ વિસ્તરણ વખતે સરકાર દ્વારા મહાપાલિકામાં સમાવી દેવામાં આવતાં ગુડાની મોટી આવકો બંધ થવાથી આર્થિક હાલત ડામાડોળ બની છે. ત્યારે વિકાસ કામોને આગળ વધારાવા માટે ગુડા પાસે હવે પ્લોટ વેચાણ કરીને આવક ઉભી કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી જોકે આ પદ્ધતિને રાજ્યની તમામ ઓથોરિટી અને મહાપાલિકાઓ પણ અમલી બનાવી છે પરંતુ ગુડાની આર્થિક સ્થિતિ વધુ કફોડી હોવાથી માળખાગત સુવિધા સહિતના અનેકવિધ વિકાસ કામો હવે પ્લોટ વેચાણ ના આધારે થનારી આવક પર આધારિત છે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જેની તળિયાની કિંમત બજાર કિંમતોને આધાર મુજબ નિયત કરવામાં આવી છે. તેવા ચાર પ્લોટ ની હરાજી કરવામાં આવી છે .જો કે હાલની સ્થિતિમાં સમસ્યા એવી નડી રહી છે, કે પ્લોટની હરાજીમાં ભાગ લેનાર પેઢીએ સ્વાભાવિક રીતે જ વ્હાઇટનું પેમેન્ટ નિયત સમય મર્યાદામાં કરવાનું ફરજીયાત રહેવાથી ઘણા કિસ્સામાં બોલી બોલનારી પેઢીઓ ડિપોઝીટ પણ મુકી દે છે. દરમિયાન ગુડામાં અધિકારીઓની બદલીના લીધે વહીવટી પ્રકિયા પર વિપરિત અસર થઈ છે જયારે હરાજીની પ્રક્રિયા પણ વિલંબમાં પડી છે

# ૨૨મીએ યાત્રાધામ સફાઈ અભિયાન યોજાશે

## અક્ષરધામ ખાતે રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા અને મહુડી ખાતે પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ જોડાશે

ગાંધીનગર, તા. ૨૦

શનિવારના રોજ રાજ્યભરમાં યાત્રાધામ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ અંતર્ગત અક્ષરધામ ખાતે રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા અને મહુડી જૈન તીર્થ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ આ અભિયાનનો આરંભ કરાવશે.

રાજ્ય સરકારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ૨૨મીને શનિવારે યાત્રાધામ સફાઈ અભિયાન યોજવાનો નિર્ણય કર્યો છે.

સરકારે આ અભિયાન માટે પણ ખાસ સૂચનાઓ આપી છે. સફાઈની સાથે સાથે યાત્રાધામ વિસ્તારમાં કચરો લોકો ડસ્ટબીનમાં જ નાંખે તેમજ તેના ટોઈલેટ્સ સહિતની સફાઈની કામગીરી હાથ ધરવાની રહેશે.

આ સફાઈ અભિયાનમાં સરકાર, સંગઠન તેમજ ગ્રામીણ આગેવાનોને પણ સાંકળવામાં આવનાર છે. આ સફાઈ અભિયાનની સાથે સાથે યાત્રાધામને જોડતા મુખ્ય માર્ગ અને તેની આસપાસના વિસ્તારોની પણ સફાઈ કરવામાં આવશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

### ઉદ્યોગોના હોદ્દેદારો સાથેની બેઠકો યોજવા

# સરકારના ઉદ્યોગ વિભાગના સક્રિય અભિગમને આવકાર

ગાંધીનગર, તા.૨૦

તાજતેરમાં ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદવની અધ્યક્ષતામાં જીસીસીઆઈ, એફઆઈસીસીઆઈ, એસોચેમ અને સીઆઈઆઈ તેમજ અન્ય અગ્રણી ઉદ્યોગોના ઉદ્યોગકારો સાથે આર્થિક વિકાસ માટે સુમેળભર્યુ વાતાવરણ ઉભુ કરવા અને ઉદ્યોગો સાથે નિયમિત સંવાદ શરૂ કરવાના ઉદેશ સાથે આ મીટીંગ યોજાઈ હતી. ગુજરાત સરકારના ઉદ્યોગ અને આણ વિભાગમાં વરિષ્ઠ અધિકારીઓની નવી ટીમની રચના બાદ ડો.રાહુલ ગુપ્તા, વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડીરેકટર જીઆઈડીસી, સંદીપ સાંગલે ઉદ્યોગ કમિશનર અને ચેરમેન ઈન્ડેક્ષબી, કુલદીપ આર્ય- અધિક ઉદ્યોગ કમિશનર અને અન્ય વરિષ્ઠ સરકારી અધિકારીઓ પણ આ પહેલી ઈન્ટરેક્ટિવ મીટીંગમાં ઉપસ્થિત રહયા હતા. ઉદ્યોગ જગત દ્વારા આ પહેલની ખુબ પ્રસંશા કરવામાં આવી હતી.

જીસીસીઆઈ, એફઆઈસીસીઆઈ, એસોચેમ અને સીઆઈઆઈ તમામ અગ્રણી ચેમ્બર્સના પદાધિકારીઓએ આ સકારાત્મક પગલાંને આવકાર્યુ છે જે અસરકાર નીતિ ઘડતરમાં તેમજ સમયબધ્ધ રીતે સમસ્યાઓના નિરાકરણમાં મદદ કરશે. આવી મીટીંગ ઉદ્યોગોને જરૂરી સહકાર અનો સમયસર મદદ પણ પ્રદાન કરશે. એસ.જે.હૈદરે ઉલ્લેખ કર્યો હતો કે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં જીસીસીઆઈની રીઝનલ ચેમ્બરો સાથે સમયાંતરે આ પ્રકારની મીટીંગો વારંવાર કરવામાં આવશે. જેના અનુસંધાને રાજકોટ ખાતે ઉદ્યોગના પ્રતિનિધિઓ સાથે આવી મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com